	Command & Control Room **Office Of the Commissioner of Police,** **Shahibaug, Ahmedabad City.**	

PRESS NOTE

અમદાવાદ શહેર પોલીસ દ્વારા તા.૦૭,૦૮/૦૮/૨૦૨૬ નાઇટ રાઉન્ડ દરમ્યાન કરેલ કામગીરીની વિગત

તા.૦૭/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૦૮/૦૮/૨૦૨૬ સવારના ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન મહે.પોલીસ કમિશ્નરશ્રીનાઓની સુચનાથી, અમદાવાદ શહેર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવા અને ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવવા માટે અલગ-અલગ સ્થળોએ નાઇટ રાઉન્ડ દરમ્યાન તમામ પોલીસ સ્ટેશન તેમજ ક્રાઇમ બ્રાંચ અને એસ.ઓ.જી. દ્વારા સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતુ. અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા પાન પાર્લરો અને ગલ્લાઓ ઉપર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ તેમજ નાઇટ રાઉન્ડ દરમ્યાન શહેરની શાંતિ, સલામતી અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે કાયદાકીય નિયમોનુ પાલન કરીને પોતાની અને અન્યની સુરક્ષાનું ધ્યાન રાખવા સારૂ જાહેર જનતાને જાગૃત કરવામાં આવેલ. તદ્દુપરાંત અન્ય કામગીરી અનુક્રમે....

(૧)	કુલ ૬૫૬૦ વાહનો ચેક કરવામાં આવ્યા.
(૨)	એમ.વી.એક્ટ કલમ ૨૦૭ મુજબ જરૂરી દસ્તાવેજો વગર વાહન ચલાવતા તેમજ ઇન્સ્યોરન્સ વિના વાહન ચલાવતા કુલ ૮૦ વાહન ડીટેઇન કર્યા.
(૩)	કુલ ૧૭૯ વાહનો ઉપર ગેરકાયદેસર લાગેલ બ્લેક ફિલ્મ દુર કરવામાં આવી.
(૪)	એમ.વી.એક્ટ ૧૮૫ મુજબ નશો કરીને વાહન ચલાવતા કુલ ૧૯ વાહન ચાલકો વિરૂધ્ધ કેસ કરવામાં આવ્યા

(૫)	જુગારધારા મુજબનો ૦૧ કેસ કરવામા આવ્યો.
(૬)	જી.પી.એક્ટ ૧૩૫ મુજબ જાહેરનામાનો ભંગ બદલ કુલ-૦૬ કેસ કરવામાં આવ્યા.
(૭)	જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ હથિયારબંધીના જાહેરનામા ભંગના કુલ- ૦૮ કેસ કરવામાં આવેલ.
(૮)	પ્રોહીબીશનના કબજાના કુલ ૧૦ કેસો કરી, વિદેશી દારૂની કુલ ૩૮ બોટલો કિંમત રૂપિયા ૩૦,૫૩૫/- મતાની કબ્જે કરી તે કેસોમાં અન્ય કબ્જે લીધેલ મુદ્દામાલ કુલ કિંમત ૭૦,૫૩૬/- મતાનો છે અને ૦૬ લીટર દેશી દારૂની કિંમત રૂપિયા ૧૨૦૦/- મતાનો કબ્જે કરવામાં આવેલ તદુપરાંત દારૂ પિધેલા ઇસમોને પકડી કુલ ૦૮ કેસ કરવામાં આવેલ છે.
(૯)	એન.ડી.પી.એસ. એકટ મુજબ નશીલા પદાર્થોની હેરફેર કરવાના કુલ ૦૩ કેસ કરેલ છે જેમાં..... (૧) એસ.ઓ.જી. દ્વારા વટવા વિસ્તારમાંથી ૨૧૬ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૧૦,૮૦૦/- તથા અન્ય ચીજ વસ્તુઓ મળી કુલ રૂપિયા ૧૩,૯૭૦/- ના મુદ્દામાલ સાથે એક આરોપીને અટક કરેલ છે. (૨) એસ.ઓ.જી. દ્વારા રીલીફ રોડ જી.પી.ઓ. ખાતે પાર્સલોમાંથી પ્રતિબંધિત કફશીરપ બોટલો નંગ- ૫૦૫૦ કિંમત રૂપિયા ૫૯,૪૧,૩૨૫/- નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. (૩) ક્રાઇમબ્રાંચ દ્વારા નારોલ વિસ્તારમાંથી ૩૫૦ ગ્રામ ગાંજો કિંમત રૂપિયા ૧૭,૫૦૦/- સાથે ૦૨ આરોપીને અટક કરેલ છે.
(૧૦)	અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારમાં રહેતા અને અગાઉ ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૧૧૮ હિસ્ટ્રીશીટર અને એમ.સી.આર. ઇસમોને ચેક કરવામાં આવ્યા હતા.
(૧૧)	રિવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ દ્વારા પીકનીક હાઉસ ખાતે નાઇટ રાઉન્ડ વાહન ચેકીંગ દરમ્યાન આપઘાત કરવાના ઇરાદે નિકળેલ ૨૧ વર્ષના યુવાન રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસને મળી આવતા પોલીસ દ્વારા પુછપરછ કરતા, યુવાન પોતે ડીપ્રેશનમાં આવી આત્મહત્યા કરવા સારૂ નિકળેલ હોવાની હકિકતની પોલીસને જાણ થતા રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ દ્વારા યુવાનનુ યોગ્ય કાઉન્સીલીંગ કરી, તેમના વાસી-વારસને બોલાવી યુવાનને સહી સલામત સોંપેલ છે.

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના નેતૃત્વમાં ડીસીપી-૦૨, એસીપી-૦૧, પીઆઇ-૧૦, પોસઇ-૦૭ અધિકારીશ્રીઓ અને ૨૦૦૦ પોલીસ કર્મચારીઓ નાઇટ રાઉન્ડમાં જોડાયેલ હતા.








VIVO
TATTOO


GJ01WS6895





CRAVE
BETTER




MEENA
OPTICALS & LENS CLINIC





asianpaints



PRINCE
PHOTO FRAMES





GJ27DM7671





GJ18GB7527